# પાણી-ગટર વેરા વસુલાત ક્ષેત્રે હજુ ૧.૪૨ કરોડનું ઉઘરાણું બાકી

## વસુલાત ઝૂંબેશના અંતે પણ નબળું ચિત્ર : બાકીદારો બિન્દાસ્ત

ગાંધીનગર, તા. ૭

શહેરમાં પાણી-ગટર વેરાની વસુલાત ઝૂંબેશની નબળી કામગીરીના અંતે વસુલાતક્ષેત્રે હજુ પણ રૂ. ૧.૪૨ કરોડનું માંગણુ બાકી છે.

શહેરમાં નવા અને જૂના સેક્ટરોમાં પાણી વિતરણ વ્યવસ્થાનો સમય હાલની સ્થિતિએ જુદો જુદો છે જ્યારે બે ભાગમાં વહેંચાયેલી વિતરણ વ્યવસ્થા મુજબ નગરજનો પાસેથી પાણી-ગટરનો વેરો વસુલવાની કાર્યવાહી પણ પાટનગર યોજના ભવનના વિવિધ બે ડિવીઝન કક્ષાએ હાથ ધરવામાં આવે છે. શહેરીજનોની પાણીની જરૂરીયાત સંતોષવા દર મહીને કરોડોનો ખર્ચ કરવામાં આવે છે. જેની સામે નજીવી વસુલાતનો લક્ષ્યાંક પણ સિદ્ધ થઈ ન શકતા વર્ષો જૂની બાકી વસુલાતની રકમનો આંકડો પણ મોટો થયો છે. ગત માર્ચ-એપ્રિલ મહિના દરમિયાન તંત્ર દ્વારા હાથ ધરાયેલી પાણી-ગટર વેરા વસુલાતની ઝૂંબેશ દરમિયાન અંદાજિત ૨.૫૦ કરોડના માંગણા સામે ૫૦ ટકા કામગીરી જ થઈ હોવાનું ધ્યાને આવ્યું છે. જ્યારે ગત મહીના દરમિયાન પાણીવેરા પેટે રૂ. ૩.૫૦ લાખથી વધુ વસુલવામાં આવ્યા છે. વર્ષ દરમિયાન ચાલુ રહેલી વસુલાતની કામગીરીના અંતે પણ સે. ૧ થી ૩૦ તેમજ શહેરી વિસ્તારમાં સમાવિષ્ટ ગામોમાં બાકી વસુલાતનો આંકડો નોંધપાત્ર છે. વસુલાત ઝૂંબેશના અંતે હજુ પણ રૂ. ૧.૪૨ કરોડનું માંગણુ ભરપાઈ થયું નથી. બીજીતરફ બાકીદારો સામે તંત્રકક્ષાએથી કોઈ પગલા ન લેવાતા પાણીના મામલે આમદની અઠ્ઠની ખર્ચા રૂપિયા જેવી સ્થિતિ યથાવત છે.

## આજે ગુજરાત દલિત સેના સંમેલન અમદાવાદમાં યોજાશે

ગાંધીનગર, તા. ૮

ગુજરાત પ્રદેશ દલિત સેનાનું સંમેલન તા. ૯ જૂનના રોજ સવારે ૧૦.૦૦ કલાકે લાલાકાકા હોલ શાહપુર દરવાજા બહાર યોજવામાં આવશે.

આ સંમેલનમાં દલિતોના પ્રશ્નોને વાચા આપવા, સંગઠન મજબૂત કરવા ઉપરાંત મિશન ઈલેકશન ૨૦૧૨ કાર્યકર સંકલ્પ તેમજ ભાવિ કાર્યક્રમોની ચર્ચા જેવા કાર્યક્રમો યોજાશે. ગુજરાતભરના દલિત સેના કાર્યકરો હાજર રહેશે. જિલ્લા પ્રમુખશ્રી બાબુભાઈ મેસરવાલા, મહામંત્રીશ્રી દિનકરભાઈ પરમાર, મહિલા પ્રમુખ શ્રીમતી પુષ્પાબેન ડોડીયાએ જણાવેલ છે.

## રોટરી કલબ દ્વારા ૧૦મીએ હૃદયરોગ નિદાન કેમ્પ

ગાંધીનગર, તા. ૮

રોટરી કલબ ઓફ ગાંધીનગર દ્વારા આયોજિત હૃદયરોગ નિદાન કેમ્પ સેકટર-૨૨ પંચદેવ મંદિર પાસે ફિઝીયોથેરાપી સેન્ટરમાં તા. ૧૦ જૂનના રોજ સવારે ૯.૦૦ કલાકે યોજાશે. જેમાં હૃદયરોગના નિષ્ણાત ડૉ. હેમાંગ બક્ષી અને તેમની ટીમ સેવા આપશે. જરૂરીયાતમંદને મફત દવા તથા ઈકો કાર્ડીયોગ્રાફી રાહતદરે કરી આપવામાં આવશે. રજીસ્ટ્રેશન કરાવવા માટે એસ.એમ.એસ. કરો ફોન નં. ૯૩૨૮૭૨૪૯૯૬ પછી પોતાનું નામ લખવું.

## આંતરરાષ્ટ્રીય પુષ્ટી માર્ગીય સંસ્થા દ્વારા સ્પર્ધાઓ

ગાંધીનગર, તા. ૮

દર વર્ષની જેમ ચાલુ વર્ષે પણ વલ્લભ વકૃત્વ, નિબંધ, સ્ત્રોત પઠન, કિર્તન, આરતી સ્પર્ધાનું આયોજન તા. ૨૪ જૂનના રોજ કરવામાં આવ્યું છે. આ અંગે જે વૈષ્ણવોએ સ્પર્ધામાં ભાગ લેવો હોય તેઓએ હવેલી મંદિરના કાર્યાલયમાંથી તા. ૨૦ જૂન સુધીમાં ફોર્મ ભરી જવા વિનંતી છે. સ્પર્ધાના નિયમો અને વય જુથની માહિતી હવેલી મંદિરના બોર્ડ ઉપર મુકવામાં આવેલ છે.

## વી.આઈ.પી. સેકટરોમાં પાણીનો બગાડ નાથવા ઉગ્ર માંગ

ગાંધીનગર, તા. ૮

ગાંધીનગર શહેરમાં ૧૯, ૨૦, ૨૧ સેકટરો તથા મંત્રીશ્રી નિવાસસ્થાનો અન્ય ઉચ્ચ અધિકારીઓના બંગલાઓમાં પાણીનો ખુબ જ પ્રમાણમાં બગાડ થાય છે. જેને અટકાવવાની ખાસ જરૂરિયાત છે.

વી.આઈ.પી. સેકટર- ૧૯, ૨૦, ૨૧ ના વિસ્તારોમાં ચારેબાજુ બગીચા, મેંદીની વાડ તથા ક્યાંક શાકભાજીનું વાવેતર પણ સરકારી પાણીથી લોકો કરે છે. જેથી ખૂબ જ મોટા પ્રમાણમાં પાણી ખેંચાય છે. પરિણામે અન્ય જગ્યાએ પાણીની તકલીફની બુમો પડે છે.


દરેક મકાનોમાં પાણીના મીટરોથી જોડાણ આપવાની વિચારણા હતી. પરંતુ અગમ્ય કારણોસર સદર બાબત અભરાઈએ ચડી ગઈ છે. તો સત્વરે પાણીનો બગાડ પાણી પુરવઠા પાટનગર યોજનાએ અટકાવવા માટે જરૂરી કાર્યવાહી કરવાની જરૂરીયાત છે.

## સેકટર-૪માં ૧૧મીથી નિઃશુલ્ક યોગ શિબિર યોજાશે

ગાંધીનગર, તા.૮

પતંજલિ યોગ સમિતિ, ગાંધીનગરના મંડલ પ્રભારી અનિલ જોશી અને સહમંડલ પ્રભારી જયંતિભાઈ વઘાસીયાએ એક અખબારી યાદીમાં જણાવ્યું છે કે, આગામી તા. ૧૧મી જૂન ૨૦૧૨ થી૧૭મી જૂન ૨૦૧૨ દરમિયાન નિઃશુલ્ક યોગ પ્રાણાયામ શિબિરનું સેકટર-૪ના બગીચે આયોજન કરવામાં આવ્યું છે.

પતંજલિ યોગ સમિતિ દ્વારા યોગ ઋષિ સ્વામી રામદેવની નિશ્રામાં તાલીમ પામેલા યોગ શિક્ષકોના માર્ગદર્શન હેઠળ સમગ્ર યોગ શિબિર સવારે ૫.૩૦ થી ૭ કલાક દરમિયાન યોજાશે. સર્વે ભાઈ-બહેનો અને બાળકોને આ યોગ-પ્રાણાયામ શિબિરનો લાભ લેવા ખાસ જણાવાયું છે. યોગ શીખવા આવનારે પોતાના માટે પાથરણું કે શેતરંજી લાવવી જરુરી છે.



'સાવધાન ! વીજળીનું દબાણ ૪૦૦ વૉલ્ટ !' આવી કોઈ સૂચના આમ તો વીજ કંપનીની ડીપી ઉપર લાગેલી હોય છે, જે જોઈને એનાથી દૂર રહેવાનો સંકેત આપણને મળી જાય છે. પરંતુ, આ વાંચી શકવા અસમર્થ વાનર પરિવારે આ ડીપી ઉપર જ અડ્ડો જમાવી દીધો છે. (તસવીર : દિપકજાની)

# ગાંધીનગરમાં ૨૧મીએ રથયાત્રા નીકળશે

## રથયાત્રાના આયોજન- વ્યવસ્થા માટે ૧૦મીએ પંચદેવ ખાતે ખાસ બેઠક

ગાંધીનગર, તા. ૮

ગાંધીનગરમાં પ્રતિવર્ષની જેમ અષાઢ સુદ-૨ તા. ૨૧ જૂનના રોજ ભગવાન જગન્નાથની રથયાત્રાનું આયોજન કરવામાં આવેલ છે.

નગરના વસાહત મંડળો, શૈક્ષણિક ધાર્મિક સમાજિક સંસ્થાઓ, વેપારી એસોસીએશન બેનરો તથા વાહનો સાથે જોડી શકાશે.

વડોદરા શહેરના છાણી ખાતેના શ્રીહનુમાન મંદિરનો એક હાથી રથયાત્રામાં જોડાશે. ૨ ઘોડા બગીઓ, ૧૨ ઊંટલારી તથા ટ્રેકટરો ૭૫ જેટલો વાહનો અને ૧૫ ટેબ્લો સાથે ૨.૫ કિ.મી. લાંબી રથયાત્રા નીકળશે. રથયાત્રા સમિતિ દ્વારા તમામ તૈયારીઓ કરવામાં આવી રહેલ છે. રથયાત્રા પસાર થાય ત્યારે પરંપરાગત રીતે રથયાત્રામાં જોડાવા તથા નવવિકસિત સેકટરોના રહીશોએ નજીકના સ્થળેથી રથયાત્રામાં સામેલ થઈ શકશે.

રથયાત્રા 'જય રણછોડ માખણ ચોર' જેવા સુત્રોથી ગાજી ઉઠશે. રથયાત્રા શિસ્તબદ્ધ રીતે પસાર થાય તે માટે શ્રદ્ધાળુઓએ સહકાર આપવા જણાવેલ છે.

રથયાત્રાની સઘન તૈયારી માટે તા. ૧૦ જૂનના રોજ રાત્રે પંચદેવ મંદિરમાં મિટીંગ રાખવામાં આવેલ છે. જેમાં રથયાત્રા પ્રેમીઓને હાજર રહેવા જણાવેલ છે.

# સે. ૨૬-૨૭ની મતદાર યાદીમાં ભારે છબરડાઓ

ગાંધીનગર, તા. ૮

ગાંધીનગર(ઉ) વિધાનસભા મતવિસ્તારની મતદારયાદીના છબરડાઓ અંગે ચૂંટણી કમિશનરશ્રી સુધી ફરિયાદ કરવા છતાં ઉકેલ ના આવતાં સે. ૨૭ના રહીશોમાં રોષની લાગણી જન્મી છે.

સે. ૨૭ની એકતા કોલોની તેમજ સોમેશ્વર સોસાયટી અને સે. ૨૬ના કિસાનનગરના મતદારોએ આ અંગે લેખિતમાં રજુઆતો કરવા છતાં ઉકેલ ન આવતાં તેમણે આ વિસ્તારના કાઉન્સીલર શ્રીમતિ જાગૃતિબેન પુરોહિત મારફતે રજુઆતો કરાવી છે.

મતદારયાદી સુધારણા ઝુંબેશ દરમ્યાન આ રહીશોની ફરિયાદોના ઉકેલ માટે તેમણે પંચને પત્ર લખ્યો હોવાનું જણાવ્યું છે. તેમના જણાવ્યા મુજબ પ્રિન્ટીંગમાં ભૂલો હોવાની ફરિયાદો પછી પણ નવા કાર્ડ માટે ચાર્જ વસુલવામાં આવે છે તે વ્યાજબી નથી.

## કલરવના સભ્ય પદ માટે બાળકોને આમંત્રણ

ગાંધીનગર, તા. ૮

બાલપ્રવૃત્તિઓના વિકાસ અને પ્રોત્સાહન માટે કાર્યરત ગાંધીનગરની જાણીતી સંસ્થા 'કલરવ'ના નવા વર્ષ-૨૦૧૨-૧૩ માટેના સંસ્થાના સભ્યપદ મેળવવા માંગતા ૭ થી ૧૪ વર્ષના બાળકોને સંસ્થાએ ખાસ નિમંત્રણ પાઠવ્યું છે. જે બાળકો કલરવનું સભ્યપદ મેળવવા માંગતા હોય તેઓએ તા. ૨૦મી જૂન-૨૦૧૨ સુધીમાં સભ્યપદનું ફોર્મ મેળવી અને ભરીને અમૂલ પાર્લર, ઘ-૬ અથવા મીનાક્ષી ટ્રેડર્સ સેક્ટર-૧૬માં આપવું. સભ્યપદ ફોર્મ અને વધુ માહિતી મેળવવા અંગે સંસ્થાના ઉમાબેન ભટ્ટ મો. નં. ૯૯૦૪૧૫૮૩૬૯, ડૉ. વર્ષા પારેખ મો. નં. ૯૭૨૭૪૨૯૨૯૪, જયશ્રી ખેતિયા મો. નં. ૯૩૭૪૮૦૫૯૪૮ અથવા આશાબેન સરવૈયા મો. નં. ૯૮૨૫૩૩૩૬૭૫ નો સંપર્ક સાધવા સંસ્થાના પ્રમુખ કમલકિશોર જૈને જણાવ્યું છે.

## ગાંધીનગર વણકર મહિલા ઉત્કર્ષ સેવા સમાજના હોદ્દેદારો નિમાયા

વણકર સમાજની સમાજ ઉપયોગી વિવિધ વિકાસલક્ષી પ્રવૃત્તિઓ અને જમીન મેળવવાની કામગીરીને વેગીલી બનાવવા ગાંધીનગર વણકર મહિલા ઉત્કર્ષ સેવા સમાજની રચના કરવામાં આવી છે. પ્રમુખ તરીકે રમીલાબેન પરમાર, મહામંત્રી તરીકે અનિતાબેન ચૌહાણ, ઉપપ્રમુખ તરીકે બકુલાબેન પરમાર, હર્ષાબેન સુતરીયા, સહમંત્રી તરીકે દક્ષાબેન મકવાણા, સંગઠન મંત્રી તરીકે મધુબેન મકવાણા, રશ્મિકાબેન સોલંકી, કુમુદબેન એન્જિનીયર, દેવ્યાનીબેન સોલંકી અને કોષાધ્યક્ષ તરીકે દિનાબેન વણકરની નિમણુંક કરવામાં આવી છે.

# મિલકતવેરો મહાનગરપાલિકાએ વૈજ્ઞાનિક પદ્ધતિ અને નિયમતર્ક કરવો જરૂરી

ગાંધીનગર, તા. ૮

ગાંધીનગર શહેર પેન્શનર્સ સમાજના કાર્યકારી પ્રમુખ તથા સેકટર- ૭-ડી વસાહત મંડળના પ્રમુખશ્રી જયંતભાઈ જી. ભટ્ટ અનેક સંસ્થામાં સક્રિય કાર્યકર છે. તેથી તેમની નૈતિક ફરજની રૂએ મહાનગરપાલિકા દ્વારા લાદવામાં આવેલા મિલકત વેરાની દુભાયેલ લાગણી અને આક્રોશની રજૂઆત મહાનગર પાલિકાના પદાધિકારીશ્રીઓને કરેલ છે. જેમાં શ્રી પ્રવિણભાઈ પટેલ, ચેરમેનશ્રી સ્ટેન્ડીંગ સમિતિને જાણ કરેલ છે.

૧) મિલકતવેરાની આકારણી બે વર્ષ અગાઉ બીન અનુભવી દ્વારા કોઈ નિયમો વિના કરાયેલ છે. (૨) ઘણા મકાનોની મિલકતબીલ્ટઅપ કરતાં કાર્પેટ એરીયા વધુ દર્શાવી ઊંચી આકારણી કરવામાં આવેલ છે. પરિણાને પ્રોપર્ટી ટેક્ષ વધુ આવશે. (૩) બે વર્ષમાં ઘણાં મકાનોમાં બે માળ થઈ ગયા છે જેની આકારણી ઓછી છે. (૪) ભાડે આપેલ મકાનની આકારણી મકાનમાલિક તરીકે દર્શાવેલ છે. (૫) વેપાર ધંધા કરતાં મકાનની આકારણી ફકત રહેઠાણ તરીકે દર્શાવવામાં આવી છે. (૬) બંધ મકાનની આકારણી પાડોશીને પૂછીને કરેલ છે. જેથી આકારણી ખોટી થયેલ છે. (૭) ગાંધીનગર શહેરના સેકડો મકાનોનો ઉપયોગ વાણિજય હેતુથી થાય છે તેની આકારણી ઓછી થયેલ છે. (૮) કેટલાક મકાનો વિસ્તારમાં મિલકત વેરાની કોઈ આકારણી થયેલ નથી.

ઉપરોક્ત મુદ્દાની રજૂઆતો કરેલ છે. જેથી પુનઃ આકારણી કરવા વિનંતી કરેલ છે. વિશેષમાં શ્રી ભટ્ટએ જણાવેલ છે કે આપના સત્તાધારી પક્ષે પાંચ વર્ષ સુધી પ્રોપર્ટી ટેક્ષ લાગુ કરાશે નહિ તેવું વચન આપેલ છે તેને યાદ કરીને પુનઃ વિચારણા કરવી જોઈએ. મિલકતવેરો ક્રમશઃ ૨૦ ટકા, પ્રથમ વર્ષ બીજા વર્ષે ૪૦ ટકા, તૃતીય વર્ષે ૬૦ ટકા પાંચ વર્ષ બાદ ૧૦૦ ટકા કરવો જોઈએ. ટૂંકમાં મિલકત વેરાનો પ્રશ્ન વૈજ્ઞાનિક પદ્ધતિ અને નિયમો અનુસાર કરવો જોઈએ.

# 'મૈં ઝફર હું, મુઝે કૌન મીટા સકતા હૈ, મૈં શાયર હું આપકે દીલ મેં ઉતર જાઉંગા.'

આપણાં લાડીલા લેખકશ્રી ધૂમકેતુએ કહ્યું છે કે, 'કાં અસાધારણ થજે અથવા નામોનિશાનથી ટળી જજે, સૌના જેવો સાંજે સુનારો ને સવારે ઉઠનારો આદમી ન રહેતો.' મુશ્કેલીઓ અને સંઘર્ષોના સંઘેડા પરથી એક અસાધારણ વ્યક્તિત્વનું સર્જન કરનારાં વ્યક્તિઓ સમાજમાં પોતાની આગવી છાપ ઉભી કરે છે આવી જ એક શખ્સિયતને મળવાનો સાંભળવાનો લ્હાવો મળ્યો. ગુજરાતના જાણીતાં ગઝલ ગાયકશ્રી ઉસ્માન મીર. ગાંધીનગરની જાણીતી સંસ્થા કલાગુર્જરીના નિમંત્રણને માન આપીને ગાંધીનગરના મહેમાન બન્યા હર્તા.

'મૈ ઝફર હું, મુઝે કૌન મીટા સકતા હૈ,
મૈ શાયર હું આપકે દીલ મેં ઉતર જાઉંગા.'

આવી અનેક શેર- શાયરી- ગઝલની અદ્ભુત પ્રસ્તુતી અને ગાયકી દ્વારા દિલકશ અવાજ ધરાવતાં આ કલાકારો શ્રોતાઓને રસ તરબોળ કરી દીધાં હતાં.

મસ્ત અવાજના સુફીયાના અંદાજમાં ગઝલ અને ભજન ગાયક ઉસ્માનભાઈ મૂળ કચ્છના વતની છે. પિતા હુસેનભાઈની છત્રછાયા તો ચૌદ વર્ષની ઉંમરમાં જ છીનવાઈ ગઈ હતી. પરંતુ પિતાજી ગળથૂથીમાં જ સંગીતનો અમર વારસો પુત્રને આપતાં ગયા. ઉસ્માનભાઈ પિતા તથા પોતાના દાદાબાપુને સંગીતનો એકડો શીખવનાર પ્રથમ ગુરૂ માને છે. સત્તર વર્ષની ઉંમરે આર્થિક તકલીફોએ સંગીતને આવકનો સ્ત્રોત બનાવવા માટેનો ઉપાય સૂચવ્યો અને મૂળ તબલાવાદક તરીકે ઉસ્માનભાઈની સંગીતની સફર શરૂ થઈ. પરંતુ ત્યારે આ સફરમાં તેમનો શોખ સંગીતના ઝનુનમાં ફેરવાઈ ગયો તે ખબર જ ન રહી. એમાંય મોરારીબાપુ જેવાં સિધ્ધ પુરુષ ગુરૂ બની રાહબર હોય તો--

'આંધીયાં ગમ કી ચલેગી તો સંવર જાઉંગા,
મૈ તેરી જુલ્ફ નહિ હું કી બિખર જાઉંગા.'- નો આત્મ વિશ્વાસ આવ્યા વગર કેમ રહે. બાપુની કથાઓમાં તબલાવાદન કરતાં આ યુવકના અવાજમાં રહેલી મીઠાશને બાપુએ પારખી અને ગાવા માટે ઉસ્માનભાઈને પ્રેરીત કર્યા. પંદર વર્ષ પહેલાની એ વાત ઉસ્માનભાઈ યાદ કરે છે જ્યારે બાપુના પુત્ર પાર્થિવ ભાઈએ બાપુની કથામાં ઉસ્માનભાઈને જાહેરમાં



સંબંધ સજાવે જિંદગી

**બલિહારી ગુરુ આપ કી**

- સ્વાતિબા રાઓલ

gsrelation@yahoo.com

પ્રથમ વખત ગાવા માટે માઈક આપ્યું. અને મોરારીબાપુના આગ્રહથી ઉસ્માનભાઈએ ગાયું.

'દીલકશ તેરા નકશા હૈ, સુરત તેરી પ્યારી,
જીસને તુઝે દેખા હૈ. વો જાનસે હૈ વારી.'-

ભજનમાં ઉસ્માનભાઈનો અવાજ જાદુ બની પ્રસરી ગયો. શ્રોતાઓ અને મોરારીબાપુની આંખમાંથી આનંદ અને શ્રદ્ધાના આંસુ વહી ગયા અને ઉસ્માનભાઈનો અવાજ પ્રભુની વાણીનું રૂપ ધારણ કરી રહ્યો... ઉસ્માનભાઈ કબુલ કરે છે કે તેઓ બાપુના આનંદ માટે ગાવામાં ગર્વ અનુભવે છે.

ઉસ્તાદ અલ્લારખાં પાસે ગાતા શીખનાર ઉસ્માનભાઈએ ગાવાની શાસ્ત્રીય તાલીમ નથી લીધી પરંતુ મહેંદીહુસન, ગુલામ અલીખાં, જગજીતસિંહ જેવાં દિગ્ગજોને સાંભળી સાંભળીને ગઝલ ગાયકી કેળવી છે. સાથે સિંધી અને ગુજરાતી લોકસંગીતનો અર્ક પોતાના ગાયન-વાદનમાં ઉમેર્યો છે. માતાજીની સ્તુતી, ભજન, લોકગીત, ગરબા, ગઝલ, ક્વાલી જેવાં ગાયનના પ્રત્યેક પ્રકારને ઉસ્માનભાઈની સરસ્વતી સમી મીઠી ગાયકીનો પાશ લાગ્યો છે. ૨૫ થી ૨૬ દેશોમાં પોતાના અવાજનું અજવાળું આ કલાકાર પાથરી ચુક્યાં છે. છેલ્લો કાર્યક્રમ મસ્કતમાં કર્યો. ગાયકીમાં મુસ્લિમસુફીનું નુર ધરાવતાં આ અનોખા કલાકાર પીર સાહેબને પોતાનો પ્રેરણા સ્ત્રોત માને છે.

ઉસ્માનભાઈ માને છે કે, કલાકાર પ્રત્યેક ધર્મમાં સામેલ હોવા છતાં ધર્મના વાડાઓથી પર છે. પોતાની વાત માટે તેઓ મહમ્મદ રફી સાહેબનો સંદર્ભ આપે છે અને જણાવે છે કલાને ધર્મ સાથે જોડીને સીમિત ન કરી શકાય. 'સ્વર' જોડે જ્યારે 'ઈહ' જોડાય છે ત્યારે 'ઈશ્વર' બને છે. માટે કલાકારનો ઈશ્વર એક જ છે અને ધર્મ પણ એક જ કલા છે. આ વિચારો ધરાવતા ઉસ્માનભાઈ ઉમેરે છે કે, 'મને તો લોકોને આનંદ કરાવવામાં જ આનંદ આવે છે.'

ગુજરાતમાં આવેલી કચ્છની ધીંગીં ધરાના આ પનોતા પુત્રને જ્યારે પૂછ્યું કે તમારે કોઈ શિષ્ય છે ? ત્યારે તેમણે ખુલ્લા દિલથી હસીને કહ્યું કે, 'હું જ હજી શિષ્યવસ્થામાં છું, મારું શીખવાનું હજી ચાલુ છે.' આટલું કહેતાં ઉસ્માનભાઈ બશીર બદ્રનો એક શેર ટાંકે છે,

'ખુદા હમકો એસી ખુદાઈ ન દે, કે અપને સિવા કુછ દીખાઈ ન દે.'

છેલ્લાં પાંચ વર્ષમાં યુવાનોને પણ ગઝલોમાં રસ લેતાં જોઈ ઉસ્માનભાઈ સંતોષ અને ખુશી વ્યકત કરતાં વાતનું સમાપન કરે છે. સિધ્ધ ગુરૂના પ્રસિધ્ધ શિષ્યને ગાંધીનગરની જનતાના સો.. સો.. સલામ...

# આજે ગાંધીનગરમાં

## આજનો દિવસ

સૂર્યોદય : ૫.૫૪
સૂર્યાસ્ત : ૭.૨૨

## તાપમાન

મહત્તમ : ૩૭.૦ ડિ.સે.
લઘુત્તમ : ૨૩.૫ ડિ.સે.

## ભેજનું પ્રમાણ

સવારે ૭૭ ટકા ● સાંજે ૪૮ ટકા

## મનોરંજન

### સિટી પલ્સ

**સ્ક્રીન-૧** : શાંઘાઈ : ૧૨.૦૦
રાઉડી રાઠોડ : ૨.૧૫, ૫.૦૦, ૭.૪૫, ૧૦.૩૦
**સ્ક્રીન-૨** : શાંઘાઈ : ૧૦.૦૦, ૩.૦૦, ૫.૩૦, ૮.૦૦, ૧૦.૧૫
રાઉડી રાઠોડ : ૧૨.૧૫
**સ્ક્રીન-૩** : શાંઘાઈ : ૧૧.૧૫
રાઉડી રાઠોડ : ૧.૦૦, ૩.૪૫, ૬.૩૦, ૯.૩૦
**સ્ક્રીન-૪** : રાઉડી રાઠોડ : ૧૧.૦૦
શાંઘાઈ : ૧.૪૫, ૪.૧૫, ૬.૪૫, ૯.૩૦

### સિને મેક્સ

**: સ્ક્રીન-૧ :**
પ્રોમેથ્યુસ (૩ડી) હિન્દી : ૧૦.૦૦, ૨.૩૦, ૭.૦૦
મડાગાસ્કર :૩- યુરોપ્સ મોસ્ટ વોન્ટેડ (અંગ્રેજી) : ૧૨.૩૦, ૫.૦૦
શાંઘાઈ : ૯.૩૦
**: સ્ક્રીન-૨ :**
રાઉડી રાઠોડ : ૯.૪૫, ૧૨.૧૫, ૩.૦૦, ૬.૦૦, ૯.૦૦
**: સ્ક્રીન-૩ :**
શાંઘાઈ : ૧૧.૧૫
રાઉડી રાઠોડ : ૧.૪૫, ૪.૩૦, ૭.૧૫, ૧૦.૦૦
**: સ્ક્રીન-૪ :**
શાંઘાઈ : ૧૦.૦૦, ૧૨.૩૦, ૩.૦૦, ૫.૩૦, ૮.૦૦, ૧૦.૩૦

### સૂર્યા, વાવોલ

આખા જગતથી નિરાળી મારી સાજણા : ૧૨.૪૫, ૩.૪૫, ૯.૪૫
રાઉડી રાઠોડ : ૧૨.૩૦, ૩.૩૦, ૯.૩૦

### ટાઉન હોલ

● રાત્રે ૯.૩૦ કલાકે જૈન સોશયલ ગૃપ દ્વારા સાંસ્કૃતિક કાર્યક્રમ

### સાહિત્યીક

● સિટી પલ્સ ફિલ્મ એન્ડ ટેલિવિઝન ઈન્સ્ટીટ્યુટ દ્વારા સાહિત્યોત્સવમાં બપોરે બાર કલાકે મંટોની વાર્તા પર આધારિત અને અજય કન્નોજિયા નિર્દેશિત લઘુ ફિલ્મ 'ટોબા ટેક સિંઘ' પ્રસ્તુત કરવામાં આવશે. ● મિહિર પંડ્યા લિખિત 'શહર ઔર સિનેમાઃ વાયા દિલ્હી'નું વિમોચન જયંતિ રવિની અધ્યક્ષતામાં કરવામાં આવશે. ● રાત્રે ૮ કલાકે અશ્વત્થ ભટ્ટ નિર્દેશિત અને અભિનીત નાટક 'એક મુલાકાત મંટો સે' પ્રસ્તુત કરવામાં આવશે.

## આપની આજ

- કિશોર ત્રિવેદી

**મેષ** : કોઈપણ પ્રકારના વ્યર્થ ભ્રમમાં ન રહેતા સ્વવિવેકથી કામ કરશો તો સફળતા સંભવ છે. કુટુંબના સભ્યો સાથે મતભેદ ન થાય તેની કાળજી રાખવી.

**વૃષભ** : નોકરી, વ્યાપાર, રોજગારમાં સમય પર નિર્ણય ન લેવાથી હાનિ થઈ શકે છે. મિત્રો અને કુટુંબના સભ્યો સહિત પોતાની આંતરિક પ્રસન્નતા અને આશાજનક વાતારણને કારણે પ્રયાસ સફળ થઈ શકશે.

**મિથુન** : આપના થકી નવી યોજના બની શકશે જેનો લાભ ભવિષ્યમાં થશે. પ્રયત્નો ચાલુ રાખવા. કુટુંબીજનો સાથે સામજસ્ય બન્યું રહેવાની સંભાવના છે. લાભ અને સુખમાં વધારો થઈ શકશે.

**કર્ક** : તમારા કાર્યોની સમાજમાં અને વ્યવસાયક્ષેત્રે પ્રશંસા થશે. જમીન- મકાન ખરીદવાની આકાંક્ષા પૂર્ણ થવાની સંભાવના રહેશે. વાંચવા લખવાનાં કાર્યમાં રુચિમાં વધારો થશે.

**સિંહ** : વ્યાપાર- વ્યવસાયક્ષેત્રે સમસ્યાઓ હોવાં છતાં કાર્ય થવાનો યોગ બની રહ્યો છે. આર્થિક લાભનાં સ્ત્રોતોથી સંબંધી ઉત્પન્ન થયેલી સમસ્યાઓ છતાં કાર્ય પૂર્ણ થવાની સંભાવના છે. ધાર્મિક કાર્યોમાં સમય પસાર થશે.

**કન્યા** : લાંબા સમયથી ચાલી રહેલી કૌટુંબિક સમસ્યાઓનું સમાધન થઈ શકશે. પ્રતિસ્પર્ધામાં વિજય પ્રાપ્ત થવાની સંભાવના છે. વેપાર- ધંધા સારા અને લાભપ્રદ આર્થિક લાભની તક પ્રાપ્ત થવાના યોગ પ્રબળ બની રહ્યા છે.

**તુલા** : આપનામાં આંતરીક પ્રભાવ વધવાથી શત્રુને પરાસ્ત કરી શકશો. આપના અથાગ રીતે કરેલ મહેનતનું ફળ તરત જ મળી શકશે. પૂર્ણ રીતે અભ્યાસ કર્યા વગર કોઈપણ પ્રકારનું સાહસ ન કરવું.

**વૃશ્ચિક** : અટકેલા કાર્ય સમય પર પૂરા કરવા આપ કટીબદ્ધ બનશો. વ્યકિતગત કાર્યોમાં ઉન્નતિ પ્રાપ્ત થશે. કાયદાકીય બાબતોમાં આત્મવિશ્વાસમાં કમી આવવાની સંભાવના છે. વાદ-વિવાદથી દૂર રહેવું.

**ધન** : અટવાયેલા નાણાં પરત મળી શકે છે. સંચિત ધનમાં વૃદ્ધિનો યોગ બની રહ્યો છે. ધર્મના ક્ષેત્રમાં વિશેષ રુચિ જાગૃત થઈ શકશે. ધન પ્રાપ્તિનો વિશેષ યોગ.

**મકર** : સ્થાયી મિલકત, વાહન ખરીદીનો યોગ બને છે. જૂના કાર્યોમાં ઉભી થયેલી સમસ્યાઓનું નિરાકરણ થઈ શકશે. ઉદર વિકારને કારણે ખાનપાન પર સંયમ રાખવું.

**કુંભ** : કોઈ વરિષ્ઠ વ્યક્તિઓ અને નિતિગત સમસ્યાઓ પર સમય અને ધન ખર્ચ થવાની સંભાવના રહેલી છે. શાસનથી વિશેષ લાભ પ્રાપ્ત થઈ શકે છે. કર્મક્ષેત્રમાં વિશેષ ઉપલબ્ધિ અને નવા કાર્યોનો યોગ.

**મીન** : વ્યાપારિક ભાગીદારી, કૌટુંબિક વિવાદ વગેરે માટે ભાગ્યવર્ધક યાત્રા- પ્રવાસનો યોગ બને છે. કલાક્ષેત્ર સાથે સંકળાયેલ વ્યક્તિઓને લાભ પ્રાપ્તિનો યોગ. નાણાંકીયક્ષેત્રમાં સમસ્યાઓ સંભવિત.

## ચિરવિદાય

● સ્વ. ઈશ્વરભાઈ કરશનભાઈ રબારી (ઉ. વ. ૫૨ ) મુ.પો. પાલજ. તા., જિ. ગાંધીનગર.

● સ્વ. ચંચળબેન ધર્માભાઈ દેસાઈ (ઉ. વ. ૮૦) મુ.પો. હાલીસા. તા.દેહગામ. જિ. ગાંધીનગર.